GJVD060024212023

**RCS/153/2023**

**STATE BANK OF INDIA**
**VS.**
**SHRIRAMBHAI BABUBHAI KATARIYA**

---

**આંક–૧ નીચે હુકમ**

આજરોજ સાંજ સુધી પોકાર કરાવતા વાદી બેંકના પ્રતિનિધિ કે તેમના વિ.વ.શ્રી હાજર નથી કે તેઓ તરફે કોઈ રીપોર્ટ નથી.

હાલનો દાવો વાદી બેંક તરફે પ્રતિવાદી પાસેથી લેણી રકમ વસુલ મેળવવા કરવામાં આવેલ છે.

રેકર્ડ વંચાણે લઈએ તો, દાવાના કામે મુદત તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ આંક–૦૮ થી મુદ્દા કાઢવામાં આવેલ છે. ત્યારબાદ તા.૦૮/૦૮/૨૦૨૫ તથા તા.૨૬/૦૮/૨૦૨૫ ની એમ બે મુદત વિત્યા બાદ મુદત તા.૨૦/૦૯/૨૦૨૫ ના રોજ આંક–૧૦ થી વાદી બેંકના મેનેજરનું સી.પી.સી. ઓડર ૧૮ રૂલ ૪ મુજબનું સરતપાસનું સોગંદનામુ અને આંક–૧૧ થી આંકે પાડવાની અરજી રજુ કરવામાં આવેલી છે. ત્યારબાદ સદરહું કામ વાદી બેંક તરફે વાદી બેંકના મેનેજરની આંક–૧૦ તળે ઉલટ તપાસ તથા આંક–૧૧ ની આંકે પાડવાની અરજી સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલુ પરંતુ ત્યારબાદ મુદત તા.૦૯/૧૨/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫, તા.૦૭/૦૧/૨૦૨૬, તા.૦૫/૦૨/૨૦૨૬, તા.૦૫/૦૩/૨૦૨૬ માં વાદી બેંકના મેનેજર ઉલટ તપાસ માટે હાજર રહેલ નહી કે આંક–૧૧ બાબતે પણ કોઈ રજુઆત કે રીપોર્ટ રજુ કરવામાં આવેલ નહી.

આમ હાલના દાવાનું કામ વાદી બેંક તરફે આંક–૧૦ ની ઉલટ તપાસ તથા આંક–૧૧ ની અરજી સાંભળવા માટે પેન્ડીંગ હોય વાદી બેંક તરફે પાંચેક જેટલી મુદત વિતી જવા છતા વાદી બેંકના મેનેજર ઉલટ તપાસ માટે હાજર રહેલ નહી કે તેમના વિ.વ.શ્રી પણ હાજર રહેલ નહી કે આંક–૧૧ બાબતે કોઈ રજુઆત કે રીપોર્ટ પણ રજુ કરવામાં આવેલ નહી તેમજ દાવાના કામે વાદી બેંકની છેલ્લી પાંચ મુદતથી ગેરહાજરી પણ રેકર્ડ ઉપર વર્તાય છે. આમ વાદી બેંક તરફે તેમના પ્રતિનિધિ મેનેજર ઉલટ તપાસ માટે હાજર રહેતા ન હોય કે તેમના તરફે કોઈ રીપોર્ટ આપવામાં આવતો ન હોય તે દર્શાવે છે કે વાદી બેંકને હાલનો દાવો આગળ ચલાવવામાં રસ નથી અને આ માટે હવે વધુ મુદત આપવી ન્યાયના હિતમાં પણ જણાતી નથી જેથી હાલનો દાવો વાદી બેંકની કસુરના કારણે વાદી બેંકની ગેરહાજરી સબબ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ તારીખ:પાંચમી, માહે:માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

તારીખ: ૦૫–૦૩–૨૦૨૬
વાઘોડીયા.

**(વિકાસ સિયોલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૩૫૭]